Extra No. 296

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **MONDAY, AUGUST 18, 2025 / SRAVANA 27, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી ઓગસ્ટ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તારીખઃ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૫ના જાહેરનામા ક્રમાંકઃ કેપી/૨૦૨૫નો ૦૯/પીઆરએચઆરડીડી/ઈઓએસ/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૨/૦૦૦૧/બી સેલ.- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Constitution of India

ભારતના સંવિધાન હેઠળ

જાહેરનામું

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૫

ક્રમાંક: કેપી/૨૦૨૫નો ૦૯/પીઆરએચઆરડીડી/ઈઓએસ/ઇ-ફાઇલ/૧૪/૨૦૨૨/૦૦૦૧/બી સેલ :- ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૨૨૬ સાથે વાંચતાં ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩-ટ, ૨૪૩-લ-ની જોગવાઈ અનુસાર પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તારીખ: ૪થી નવેમ્બર, ૨૦૨૪ના સરકારી જાહેરનામા ક્રમાંક. કેપી/૨૦૨૫નો ૫૦/પીઆરએચઆરડીડી/ઈઓએસ/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૨/૦૦૦૧/બી સેલથી શ્રી યમલભાઈ વ્યાસની અધ્યક્ષતા હેઠળ ચોથા રાજ્ય નાણા આયોગ(પંચ)ની રચના કરવામાં આવી છે.

૨. હવે, ગુજરાતના રાજ્યપાલ ચોથા રાજ્ય નાણા આયોગના સંદર્ભની નીચેની વિગતવાર બોલીઓ નક્કી કરવાનું ઠરાવે છે-

૧. આયોગે જિલ્લા, તાલુકા અને ગ્રામ પંચાયતો સહિતની પંચાયતો અને મ્યુનિસિપલ કોર્પોરેશન અને મ્યુનિસિપલ બરો સહિતની નગરપાલિકાઓની નાણાકીય સ્થિતિની સમીક્ષા કરવી જોઈશે અને રાજ્યપાલને નીચે મુજબની ભલામણો કરવી જોઈશે-

(ક) આ સિદ્ધાંતોથી નીચેની બાબતો આવરી લેવાવી જોઈએ-

(૧) ભારતના સંવિધાનના ભાગ-૯ અને ૯ક હેઠળ તેમની વચ્ચે વહેંચી શકાય તેવી, રાજ્ય દ્વારા વસૂલવામાં આવતા વેરા, ડ્યુટી (શુલ્ક), માર્ગ કર (ટોલ) અને ફીની ચોખ્ખી આવકનું રાજ્ય સરકાર અને પંચાયતો અને નગરપાલિકાઓ વચ્ચે વિતરણ અને આવી આવકના તેમના સંબંધિત હિસ્સાના તમામ સ્તરે પંચાયતો અને નગરપાલિકાઓ વચ્ચે ફાળવણી;

(૨) પંચાયતો અથવા યથાપ્રસંગ, નગરપાલિકાઓને સોંપવામાં આવી શકે તેવા તેમના દ્વારા વિનિયોગ કરવામાં આવેલા વેરા, ડ્યુટી, માર્ગ કર અને ફીનું નિર્ધારણ;

(૩) રાજ્યના એકત્રિત ભંડોળમાંથી પંચાયતો અને નગરપાલિકાઓને અનુદાનની વહેંચણી;

(૪) (ખ) પંચાયતો અને નગરપાલિકાઓની નાણાકીય સ્થિતિને સુધારવા માટે લેવાના જરૂરી પગલાં;

૨. આયોગે પંચાયતો અને નગરપાલિકાઓની નાણાકીય જરૂરિયાતોની તેમજ રાજવિત્તીય સધ્ધરતા સુનિશ્ચિત કરવા માટે રાજ્ય સરકાર તરફથી વધારાના નાણાકીય સહાય પર તેમની નિર્ભરતા ઘટાડવા તેમના સંસાધનો વધારવા માટેના સાધનોપાયોની આકારણી કરવી જોઈશે.

૩. આમ કરવા માટે આયોગે નીચેની બાબતોનું વિશ્લેષણ કરવું જોઈશે અને તેના સંબંધમાં ભલામણો કરવી જોઈશે:

(૧) નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ના અંત સુધીમાં પહોંચી શકાય તેવા રાજ્ય સરકારના વેરા આધારિત અને બિન-વેરાઆધારિત મહેસૂલી સંસાધનોના સ્તરના આધારે, ૧લી એપ્રિલ, ૨૦૨૬થી શરૂ થતાં આગામી પાંચ વર્ષ માટેના અંદાજો બનાવવા.

(૨) પંચાયતો અને નગરપાલિકાઓના બાકી નીકળતા દેવાનું વિગતવાર વિશ્લેષણ કરવું અને તેમની આવક અને ખર્ચ વચ્ચે સંતુલન સ્થાપિત કરવા ભલામણો કરવી અને ત્યાર પછી ફાજલ મૂડી એકઠી કરવી.

(૩) રાજ્ય સરકારના સંસાધનો અને તેના પરના ખાસ કરીને નાગરિક વહીવટ, પોલીસ, સામાજિક અને આર્થિક સેવાઓ અને બિન-આયોજિત મહેસૂલી ખર્ચના કારણે થયેલા નિર્ધારિત ખર્ચ અને જવાબદારીઓના બોજને ધ્યાનમાં લેવો.

(૪) પંચાયતો અને નગરપાલિકાઓની સંસાધન ક્ષમતાને ધ્યાનમાં રાખીને તેમની દેવાની જવાબદારીઓ ઘટાડવા માટે પગલાં સૂચવવા અને સાથે સાથે તેમની આવક અને ખર્ચ વચ્ચેના અંદાજિત તફાવતને ઘટાડવાના ઉદ્દેશ સાથે તેમના સંસાધન આધારમાં વધારો કરવો.

(૫) પંચાયતો અને નગરપાલિકાઓના આદેશ, કંઈ હોય, તો તે મુજબ વેરામાં વૃદ્ધિ કરવાના અને બિન-વેરામાં વૃદ્ધિ ન કરવાના પ્રયત્નોનું મૂલ્યાંકન કરવું અને તેમની વેરા અને બિન-વેરા આવકોને વધારવા માટે વધારાના સંભવિત સંસાધનો શોધવા કે જેથી કરીને તેમના (હિસાબી) ખાતાઓને વિશ્વસનીય અને તેમના સંસાધનોને આત્મનિર્ભર બનાવી શકાય;

(૬) વપરાશકર્તા ચાર્જ લાવીને, વેરા, કરવેરા, ફી વગેરેના દરોમાં સુધારો કરીને પીવાના પાણીના પુરવઠા, સફાઈ, સ્ટ્રીટલાઈટ્સ, જાહેર પરિવહન પદ્ધતિ વગેરેને ટકાઉ બનાવવા માટેના સાધનોપાયોનું સૂચન કરવું. આ બધું એવી રીતે કરવું જોઈશે કે જેથી લોકો પોષાય તેવા દરે પૂરતી સેવાઓ મેળવે;

(૭) પોતાની કામગીરી બજવવામાં સ્થાનિક સંસ્થાઓની જવાબદારી સુધારવા માટે પગલાં સૂચવવા.

(૮) સ્થાનિક સંસ્થાઓ માટે એક મજબૂત એકાઉન્ટિંગ સિસ્ટમ સ્થાપિત કરવાની રીતો શોધવી.

૪. આયોગે,

(૧) પંચાયતો અને નગરપાલિકાઓની આવક અને ખર્ચનું મૂલ્યાંકન તેમની વસ્તી અને સામાજિક-આર્થિક પરિસ્થિતિઓ, ભૌગોલિક સ્થળો વગેરેને ધ્યાનમાં રાખીને કરવું. ગણતરીમાં લેવામાં આવનાર વસ્તીના આંકડા સન ૨૦૧૧ની વસ્તી ગણતરીના રહેશે, જેને પંચાયતો અને નગરપાલિકાઓને વેરા, ડ્યુટી, ટોલ, ફી અને સહાયક અનુદાન દ્વારા ભંડોળની સોંપણીની પ્રક્રિયામાં એક મુખ્ય પરિબળ તરીકે ગણવામાં આવશે;

(૨) અનુક્રમે તારીખ ૩૦મી જૂન, ૨૦૨૪ અને તારીખ ૩૧મી માર્ચ, ૨૦૨૪ ના રોજ પંચાયતો અને નગરપાલિકાઓના દેવાની જવાબદારીઓની આકારણી કરવી અને દેવાને ટકાઉ સ્તરે જાળવવા માટે જરૂરી પગલાં સૂચવવા;

(૩) ટેકનોલોજીના ઉપયોગથી ગુણવત્તાયુક્ત અને ખર્ચ-અસરકારક નાગરિક સેવાઓ પૂરી પાડવા માટે પગલાં અંગેની ભલામણ કરવી.

(૪) સ્થાનિક સંસ્થાઓને સંસાધન એકત્રીકરણમાં સુધારો કરવા અને નાણાકીય સધ્ધરતા માટેનાં પગલાં અપનાવવા માટે પ્રોત્સાહિત કરવા પ્રોત્સાહકો તૈયાર કરવા.

(૫) અગાઉના રાજ્ય નાણાં આયોગ દ્વારા સૂચવવામાં આવેલા સુધારાઓની તપાસ કરવી અને અપનાવવા માટે ધ્યાનમાં લેવામાં આવેલી ભલામણોના અમલીકરણની સમીક્ષા કરવી.

૫. આયોગે, તેમના તારણોના આધારે તેમજ પંચાયત અને નગરપાલિકા મુજબ આવક અને ખર્ચના અનુમાનિત અંદાજો સાથે તેના નિષ્કર્ષ પૂરા પાડવા જોઈશે.

૬. આયોગે, રાજ્ય નાણા આયોગો માટેની તેની મુસદ્દા માર્ગદર્શિકા અને ભારત સરકાર દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવેલી અન્ય માર્ગદર્શિકામાં પંચાયતી રાજ મંત્રાલય દ્વારા ઘડવામાં આવેલા અને પ્રસારિત કરાયેલા નમૂનાને ધ્યાનમાં લેવો જોઈશે.

૭. આયોગે, તારીખ ૧લી એપ્રિલ, ૨૦૨૬થી શરૂ થતા આગામી પાંચ વર્ષના સમયગાળા માટે તારીખ ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં તેનો અહેવાલ ઉપલબ્ધ કરાવવો જોઈશે.

૮. આવા પગલાંની ભલામણ કરવા માટે વચગાળાનો અહેવાલ તૈયાર કરી શકાશે કે જેને નિયત તારીખ કરતાં વહેલી તારીખે એટલે કે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં સ્વીકારવો આયોગને ઈષ્ટ જણાય.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પંકજ જોષી,

સરકારના મુખ્ય સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.09.01 09:15:45 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar